એક નવા પ્રયાસ સ્વરૂપે...

કાવ્યગોષ્ઠી

પદ્ય સાહિત્ય તરફની રાહ...

॥ અંક - ૪ ॥ ડિસેમ્બર - ૨૦૧૬ ॥ સળંગ અંક - ૪ ॥

-: સંપાદક :-

સુલતાન સિંહ

Happy New Year - 2017

Kavygoshthi

ફાસ્ટટ્રેક ઇન્ટરવ્યૂ

રેખા પટેલ 'વિનોદીની'

(ડેલાવર, યુ એસ એ)



કાવ્યગોષ્ઠી

~ પદ્ય સાહિત્ય તરફની રાહ ~

|| વર્ષ – ૧ || અંક – ૪ || સળંગ અંક – ૪ ||
|| ડીસેમ્બર – ૨૦૧૬ ||

~ સંપાદક ~

સુલતાન સિંહ

કાવ્યગોષ્ઠી ટીમ

મેહસાણા – ૩૮૪૦૦૨
મોબાઈલ – ૯૯૦૪૧૮૫૦૦૭
kavygoshthi@gmail.com
http://kavygoshthiblog.wordpress.com/

કવિતા એ મુક્ત સંવેદનોનું વહેતું ઝરણું છે...

~ સુલતાન સિંહ 'જીવન'

આજે ત્રણ અંકની સફળ રજૂઆત બાદ ડીસેમ્બર મહિનાના ચોથા અંકની પ્રસ્તાવના લખતી વખતે મારા મનમાં જે આનંદ છે એને દર્શાવવો કદાચ શબ્દોમાં અશક્ય છે. એવું એટલે કહીશ કે આના પર કાવ્ય લખવાનો પ્રયાસ મેં કર્યો નથી. અત્યારે જાણે છ મહિના પહેલાનો એ દિવસ મારી આંખો સામે છે જયારે, પોતાનું કઈંક કરવાનો મનમાં ઉદભવેલો વિચાર આજે કાવ્યગોષ્ઠી સામયિક સ્વરૂપે આપની સમક્ષ છે. વિચાર મારો હતો પણ એમાં ઘણા લોકોનો સહકાર મને મળ્યો છે. જેમાં ખાસ કરીને અમારા વાચકોનો સાથ અમારા માટે પીઠબળ સવરૂપ રહ્યો છે. મને યાદ છે ત્યાં સુધી પીડીએફ વિષે તો જાણ નથી પણ પ્રતીલીપીમાં કાવ્યગોષ્ઠી સામયિકનો પ્રથમ અંક માંડ ૨૧ જણાએ જ વાંચ્યો હતો જયારે બીજો અને ત્રીજો અંક ૩૦૦ લોકોથી વધુ લોકો સુધી પહોચી શક્યો છે.

અમારો ચોથો અંક એવા સમયે રજુ થઇ રહ્યો છે જ્યાંરે ૨૦૧૬નુ વર્ષ પડખું ફેરવીને જુના સર્જનોને સાથે લઇ કદાચ પોઢી જવાનું છે અને ૨૦૧૭નુ નવું વર્ષ ઘણા નવા સર્જનોને સાહિત્યમાં સમાવી લેવા માટે તૈયાર થઈને બારણે ટકોરા કરતુ ઉભું છે. વર્ષોથી સાહિત્યના ક્ષેત્રમાં એક પ્રશ્ન ઉદભવતો રહ્યો છે કે કયા સર્જનને સાહિત્યમાં સમાવી શકાય અને કયા સર્જનોને સાહિત્યની દ્રષ્ટીએ સર્જન ઘણી શકાય. અથવા કયા સર્જકોને કવિ કે લેખકની હરોળમાં ઘણી શકાય. જો કે અત્યાર સુધી એનો સંપૂર્ણ સ્વતંત્ર જવાબ મળી શક્યો નથી. ઘણા લોકોએ એને માપવા માટે અલગ અલગ માપદંડો મૂકી દેવામાં આવ્યા છે. આ બધા મીટરોમાંથી પસાર થતા થતા કદાચ કા'તો સર્જક હારી જાય છે. કા'તો એમનું સર્જન યોગ્ય વાચક વર્ગ સુધી પહોચી શકતું જ નથી. અને આવા સર્જનના વાચકવર્ગ સુધી ન પહોચી શકવાના કારણે ઘણું સર્જન ચોપડાના અને નોટબુકના પાને દમ તોડતું હોય છે. પદ્ય સર્જનમાં આ આંકડો મોટો જોવા મળે છે. ઘણા આવા મિટર અને માપદંડોના જાણકાર લોકો નાના ઉગતા સર્જકોના સર્જન ને મીટરોના માયાજાળમાં ઉલજાવી નષ્ટ કરી દેતા હોય છે. એવા સર્જકોને પણ જાણકાર લોકો સાથે રાખી નવું શીખવા માટે પ્રોત્સાહન મળે એવા આશય સાથે કાવ્યગોષ્ઠી ઈ-સામયિક અસ્તિત્વમાં આવ્યું હતું. અને આ જ આશય સાથે અમે હવે વધુ આગળ વધવા ઈચ્છીએ છીએ...

નવા સર્જકો માટે કાવ્યગોષ્ઠી સામાયિક હમેશા મદદરૂપ થવા તત્પર છે. અમારો હેતુ પદ્ય સાહિત્યની એક નવી રાહ બનાવવાનો છે જ્યાં માત્ર સર્જનને પ્રોત્સાહન મળે...



~ સુલતાન સિંહ 'જીવન'

[સંપાદક]

સૌપ્રથમ કાવ્યગોષ્ઠી ઈ-સામયિકના વાચક વર્ગને પ્રણામ....

ગુજરાતી ભાષામાં પદ્ય સાહિત્ય સાચા અર્થમાં જીવંત અને અવિરતપણે ધબકતું રહે તે માટે અત્યારે સોશીયલ મીડીયાનાં ઉપયોગ વડે પણ ઘણા પ્રયાસો થઈ રહ્યા છે જેમાં અત્યારે અમારું વોટ્સએપ પર 'કાવ્ય ગોષ્ટિ' નામથી એક પદ્ય સાહિત્યને લાગતું ગૃપ ચાલી રહ્યુ છે. નવોદિત કવિઓ અને ભાવકો આ ગ્રુપમાં સામેલ થઈ શકે છો.. વિસ્તૃત માહિતી મેળવવા માટે આપ નીચેના ‘Web Adress’ પર સંપર્ક કરી શકો છો.

Contacts :-

+૯૧-૯૯૦૪૧૮૫૦૦૭

kavygoshthi@gmail.com

http://kavygoshthiblog.wordpress.com

લાગણીઓનો તાર...........

કવિ અને બધા જ સહકાર આપનાર વડીલો, મિત્રો અને ભાવકોનાં અમે હરહંમેશ ઋણી છીએ. ખાસ કરીને સામયિકના વાચકવર્ગના અમે દિલથી આભારી છીએ. અમારી ટીમ સદાય આંતરિક કે બાહ્ય સાથ સહકાર આપનાર ઉતમ સર્જકોની આભારી રહેશે.

કાવ્ય ગોષ્ટિ ટીમ .

અનુક્રમણીકા

જોઇ લે તું વરસાદ મારી આંખમાં,
ભીજાંઇ તારી યાદ મારી આંખમાં,

ખાલી કર્યો છે મેચ હૈયા ભાર આજ,
તેથી છે આ અવસાદ મારી આંખમાં

સાબુત છે મારી ડાયરીમાં મ્હેક આજ,
ખૂશ્બૂનો છે સંવાદ મારી આંખમાં

અજવાશ તારો સાચવ્યો સપનામાં,
મે અંધારૂં છે આબાદ મારી આંખમાં

કાગળ ઉપર બહુ ચીતરી છે લાગણી;
શબ્દોની છે તું દાદ મારી આંખમાં,

તું જ્યારથી બોલે ગઝલ જેવું કશું,
ટહુકાની છે તાદાદ મારી આંખમાં

-રેખા પટેલ (વિનોદીની)

આપના પ્રતિભાવો આપ
અમને સરળતાથી મોકલી
શકો છો...

kavygoshthi@gmail.com

આપ પણ આપની પદ્ય રચનાઓ
અમને મોકલી શકો છો...

http://kavygoshthiblog.wordpress.com/dyc

સાવ ખાલી આંખમાં સરનામું મળ્યું
જીવવા માટે મજાનું બ્હાનું મળ્યું.

સ્નેહ ભીની આંખ ઝરણા જેવી બની
એક કારણ આંખને ઝરવાનું મળ્યું

કાયમીને મસ્ત રહેતી નજરો હતી
રાહ જોઇને પરત ફરવાનું મળ્યું

સપનાઓથી રાત મારી સજતી હતી
આભમાં તારાઓને ગણવાનું મળ્યું.

ખુદ લુટાવ્યું હૈયુ સામે ચાલી અમે
ધાડ પાડું એમને કહેવાનું મળ્યું

જિંદગીની સૌ રસમ પાળી છે અમે
રસ્મ રીવાજોથી પર ભળવાનું મળ્યું

સાવ ભૂલી ગઇ હતી શબ્દોનો સંગાથ
દર્દ હો કે શોખ હો,લખવાનું મળ્યું

-રેખા પટેલ(વિનોદીની)

વાત કેમ કહું...

ઊગી નીકળેલ દિવસ ને, હું રાત કેમ કહું,
જેમાં તુ જ નથી, એવી તારી વાત કેમ કહું,

જરૂરી તો નથી તારું હોવું મારા જીવનમાં,
સંવેદનો સિવાયની કાવ્યમાં વાત કેમ કહું,

સમુદ્ર આઠ હવે, મારા આંસુના પ્રવાહથી,
લોક ગણતરી મુજબ હું પણ સાત કેમ કહું,

ઊગી નીકળે દિવસ, તારા આવી જવાથી,
માથે ચડેલ સુરજ, એને હવે રાત કેમ કહું,

અત્યારે તારી વાતો જાણે કે બધી ન્યારી,
એને હું તારી બદલાયેલી ઔકાત કેમ કહું,

તારા પ્રેમની વાતો તો જુદી જ છે હંમેશા,
તારી બેવફાઈ ને પણ જુદી ઘાત કેમ કહું,

રણમાં તો નીર વહેતા માત્ર ઝાંઝવાના,
એનેતો હવે હું પણ, પાણીની જાત કેમ કહું,

~ સુલતાન સિંહ 'જીવન'

સૌંદર્યમાં લીપાયેલી કાયા આજ અમસ્તી જોઈ છે,
તારા યૌવનમાં ઉછળતા ઉભારોની મસ્તી જોઈ છે,

સ્ત્રી દેહના અનુપમ સૌંદર્યની શુ વાત કરું 'જીવન',
સ્તનના સાગરોમાં ડૂબતી કેટલીયે કસ્તિ જોઈ છે,

એવું નથી કે અહીં છે કોઈ રાજાની સંતનત હયાત,
પણ તુજ મોહમાં વસેલી હજારોની વસ્તી જોઈ છે,

તું માત્ર જગમાં કમનીય કાયાની ચરમસીમા નથી,
પણ મળીને તને અનુભવાયું, કે મોટી હસ્તી જોઈ છે,

અહાહા... આ સૌંદર્યના વર્ણનમાં શુ કહી શકું હું હવે,
જાણે અત્યાર સુધી દુનિયા પણ, મેં સસ્તી જોઈ છે,

આંખોમાં તારી લાગણીઓ ને તસતસતી જોઈ છે,
જાણે જવાની સાથે ભેળવાયેલી મેં મસ્તી જોઈ છે,

~ સુલતાન સિંહ 'જીવન'

જીવનથી હવે તો હારીને બેઠો છું,
દુઃખના વિચારો મારીને બેઠો છું,
ભલે કોઈ નથી રહ્યુ મારી સાથે,
એકલો જ છું, એ ધારીને બેઠો છું,
ક્યારેક હોઈશ તારી યાદોમાં હું,
હવે એટલું જ વિચારીને બેઠો છું,
ભગવાન ભલે નથી દુનીયામાં,
પાણામાં શિલ્પ મઠારીને બેઠો છું,
આવે તો છે આજ પણ વરસાદ,
હવે મુલાકાતો ભુલાવીને બેઠો છું,
મન તો થાય છે મને રડી લઉં,
દુઃખોને દિલમાં છુપાવીને બેઠો છું,

~ સુલતાન સિંહ 'જીવન'

આંખમાંથી જળ ભરાતું હોય તો!
રોજ એ લઇને રંધાતુ હોય તો !

છોડ્યા છે આ હૃદયમાં ઘાવ તેં,
પોક મૂકીને રડાતું હોય તો ?

થઈ મુષક જીવી રહી છું જિંદગી,
અબ ઘડી સિંહણ થવાતું હોય તો!

ક્યાં સુધી લીધા કરું હરિ નામને,
ધ્યાન આત્માનું ધરાતું હોય તો!

અણ ઉકેલી હાથની રેખા છુ હું,
દોર ચિત્ર તારું રચાતું હોય તો!

-શીતલ ગઢવી"શગ"

"તું અંધારમાંથી બહાર આવ;
પછી તારા અલખને જગાવ:
ક્યાં સુધી રાહ જોઈશ આમ તું;
કંઈક અલગ તું કરી બતાવ:
છે તારામાં ગઝબ શક્તિઓ;
એને પુરેપુરી બહાર લાવ:
અનહદ નાદ ગાજે તારામાં;
જરા તું તારા દિલને સુણાવ:
ને આપ્યું છે બધુજ 'જાન' તને;
બસ એના પર જાન લુંટાવ:
~ જાદવ નરેશ 'જાન'

ફૂલોના બગીચા બનાવી શું કરશો?
હૃદયને ગઝલમાં સજાવી શું કરશો?

દઈ ગ્યા ભરી મે'ફિલે રુસવાઈ,
અશ્રુઓ હસીમાં દબાવી શું કરશો?

રહે છે હજી આહમાં યાદ થૈ જે,
હવે નામને કોતરાવી શું કરશો?

કદર સ્હેજ પણ છે તમારાં શબ્દોની!
પથ્થરે તમે શિષ નમાવી શું કરશો?

સમયને વહેતો ઘડીભર થમાવું,
કફન બેવફાનું વધાવી શું કરશો?

-શીતલ ગઢવી"શગ"

ખરો છે કાનુડો તું, જા મગજમારી નથી કરવી.
વખાણી આપની વાતો, નવી ન્યારી નથી કરવી.

મજૂરી જે કરે કાળી,રહેતો થાળ એ ખાલી,
અન્ન ભરપેટ આરોગે તું,ના યારી નથી કરવી.

બદલતો હર સમય વાધા,ગરીબોને પડે વાંધા,
કરી લે તું મઝા, મારે તરફદારી નથી કરવી.

રડે બાળક રખડતું ભૂખથી જ્યાં થતું અડધું,
ચઢાવી દૂધની ધારી, તને પ્યારી નથી કરવી.

હજી સમજાઉ ક્યાં સુધી! સમજ થોડું થયો મોટો,
ફરી અવતાર લઈને આવ તુ તારી નથી કરવી.
-શીતલ ગઢવી "શગ"

-: શરત :-

આવે ભલે ને
કરવા હેરાન
બીમારી તું....
એમ કઈ હું
તારાથી ડરતી નથી.
તારી જેવી તો
ઘણીએ
આવી ને ગઈ...
તો તારી શું વિસાત..
કે
મને હરાવે થકાવે...
કરીશ જો વધુ
હેરાન મને...
હારીશ નહિ
ભલે થવુ પડે
ખતમ!!!
તો એ...
મારવી છે શરત???
...લત

-: ઈન્ટરનેટ :-

ઈન્ટરનેટ વણાયું જીવન સંગ...
માણો મોજથી
ખોલો જાદુઈ છડી
આવે અસંખ્ય કામે એ તો
કોઈ દિવસ આપે
અચાનક જુના મિત્ર રુપી ખજાનો
તો કોઈ દિવસ
એકલવાયા જીવન ને
નવા મિત્રો ની વણઝાર...
થઈ જરુરત બિમાર ને લોહીની,
પોંચાડે સંદેશ ક્ષણોમાં..
ને...
એમાં એ પડી જરુરત ધનની વધુ
કે નિષ્ણાત તબીબની...
મળે તુરત એ પણ.
છેને ફાયદો જ ફાયદો..!
હોય કાઢવી ખોડ એમાંથી
નીકળશે ભુલો એમાંથી પણ..
અતી વજ્યતે...!
~લતા સોની કાનુગા

તિમિરનો સઘળો મેલ કાઢીને,
અજવાળાંનો શણગાર સજીને,
નાહી-ધોઈને એ તો ચાલી,
આ મજાની નિતનવી નદી.
દિવાકરના દિવોતમ દીવાઓ સહ,
ઉમળકાભેર સલિલ ઉછાડતી નદી.

-"પ્રકૃતિ" આકાંક્ષા

-: અમથું અમથું :-

ચાલ ને અમથું અમથું
જરા ચાહી લઈએ.
કરી યાદ બચપનને
અમથું અમથું
થોડુ કિટ્ટા-બુચ્ચા કરી લઈએ.
આવે યાદ જો
પપ્પાનાં ધોલ ધપાટની,
ચાલને અમથો અમથો
તાણીએ ભેંકડો...
ને મળે જો
દાદીનો પાલવ
કરી ફરીયાદ પપ્પાની
વહાલ એમનું લુંટી લઈએ...
કાશ થવાતું હોત પાછાં નાના..!
~લતા સોની કાનુગા

તું સત્યની ધાર પર ચાલી જો;
અહંની આ આગને તું બુઝાવી જો:
કે બસ પકલી લે હાથમાં તું;
કલમને તેજ તું ચલાવી જો:
અંદરથી તું બહાર નીકળ;
તારી શકિતઓને જગાવી જો :
સમય મળ્યો છે , તને સોનેરી;
એક તારા ધ્યેયને ખિલાવીજો:
મૂક બાજુ નિષ્ફળતાને “જાન”;
સફળતાની જ્યોત જલાવી જો:
જાદવ નરેશ ‘જાન’

પૂછવાની ઉતાવળ થાય છે
તને કયાં મારી વેદના થાય છે,

ઈશારાઓથી સમય સમેટાઇ છે
મળવાનો મોકો કયાં જાય છે

માંડી છે રમત ઈશ્વરે પણ
તને કયાં સમજાય છે

સમજી ન શકી તું પ્રેમ ને
તો પણ જગતમાં દરેકને પ્રેમ થાય છે.
-હિરેન સોરઠિયા

જીવન માં ફકત તને જોઈ છે
તારા વગર દુનિયા ખોઈ છે,

મારો શું વાંક ? કહે તુજ મને,
મારા વગર તુ એક જ રોઈ છે,

શું તે એવો જાદુ કર્યો ! અને
તારી જો, રાહ જ જોવાઈ છે,

છે કે નહિ તું પાસે આજ ? જો,
યાદો તારી તો રોળાઈ છે,

માન્યું કે જરૂર નથી ક્યાંય પણ
તો પણ તું મારી કહેવાઈ છે.
-હિરેન સોરઠિયા

નામી કે અનામી ખરે છે બધા
જોઈ મૃત્યુ ને ડરે છે બધા,

જીવનનું ચક્ર તો ચાલ્યા જ કરે
પોતપોતાના સમયે મરે છે બધા,

જીવતો નથી માનવી સંતોષ થી
પણ બચવા દોડાદોડી કરે છે બધા,

ગરીબ હોય કે હોય અમીર
ઈશ્વરની દુનિયામાં ચરે છે બધા,

ચાલતું નથી જીવન વિના મહેનતે
પ્રયત્ન માનવી છેક સુધી કરે છે બધા.
-હિરેન સોરઠિયા

મૂકીને નાવ આમ, તમે ન્યાલ થઇ ગયા,
મઝધાર માં મુકામ, તમે ન્યાલ થઇ ગયા.

ભીંનાશ આજ જોઇ ભમર પણ કહી ગયા,
પલવાર માં જ આમ, તમે ન્યાલ થઇ ગયા.

દિલકાજે સૌ મુરારી બની બોલ કયાં જશે?
વ્યાપે સકલ જો શ્યામ, તમે ન્યાલ થઇ ગયા.

અંતિમ થશે મિલન એ, વ્યથાનું ન આવ તું,
થઈ ગઈ કથા તમામ, તમે ન્યાલ થઇ ગયા.

આ પાનખર છવાઇ, વસંતે ઉદય ભલે,
બસ 'પલ' હવે વિરામ, તમે ન્યાલ થઇ ગયા.

પ્રીતિભટ્ટ .'પ્રીત' (નવસારી)

સાવ ખાલી જિંદગી એ હેતનું,વાદળ વરસ્યું'તું એકવાર,
ખુલ્લી આંખે સપનું બની, અશ્રું વહ્યયું'તું એકવાર.

કલરવ થાશે બાગમાં પતંગા સંગ,પંખી કેરી મોજની,
ભમરે ચુંમ્યુતું કળી મહીં, ફુલ મહેકયું'તું એકવાર.

પ્રેમના મોજા ઉઠે દરિયે આજ,ઓટ આવતી લાગે,
શું તારી જ વાટ જોઈ પવન એ,ભ્રમણ કર્યું'તું એકવાર.

જીરવી જાશું પૂર્ણ ઉપેક્ષાનો ધૂટ,મધુરો લાગે છે,
કિન્તું મારે તો શબ્દોની ધાર એ, વિલિન થવું'તું એકવાર.

સફર ના અંતે બનાવ બનશે મધુરા એમ લાગે છે,
કે 'પ્રીત' ના થાશે પારખા આજ, એજ જોવું'તું એકવાર.

પ્રીતિભટ્ટ .'પ્રીત' (નવસારી)

વસંતી આજ વાયે વાયરો કોનો ઇશારો છે;
નથી પ્રિતમ છતાં મૃગજળ સમા એના વિચારો છે.

કથામાં શું મજાનું છે જો એ પૂછે તો હું કહું છું;
"મિલન એ પણ તમારૂં છે વિરહ એ પણ તમારો છે."

ન કર કલરવ મનન કાજે દિલે કેવી તૃષા જાગી,
સકલ ઘટના વસી હૈયે વ્યથાના આ પ્રહારો છે.

ચમનમાં ના રહી ફોરમ છતાં ગુલઝાર લાગે છે;
છે કરમાયા ફૂલો તો પણ બધે શાની બહારો છે !!

પ્રણય ના રંગ કાજે આમ દિલ લાચાર લાગે છે;
મનોમન આમ કેવો 'પ્રીત'નો જો ને સહારો છે.

પ્રીતિભટ્ટ .'પ્રીત' (નવસારી)

સદા વસુધાનું દર્પણ,
પર્યાવરણ પરમ આભૂષણ.

પશુ,પંખી નિત્ય વિચરતાં,
કેવા મન પડે તહીં રખડતાં.

અમને ન મળ્યો લાભ આ,
દૂર જ રહ્યાં પ્રકૃતિ થી સદા.

ન મળ્યો મોકો સર્વત્ર ભમવાનો,
પુરાયા ગૃહમાં બંધ કરી કમાડ આ.

પ્રભુ ખોલો ને ! દ્વાર આ જે થી,
માણસ બસ વિચરે, ભાટકે.

અમ જેવા પ્રકૃતિ પ્રેમી જ,
કાં રહે દૂર પ્રકૃતિ થી જ?

કરો ને ચમત્કાર કંઇક હવે,
રખડી અમે પણ અહીં તહીં.

-"પ્રકૃતિ" આકાંક્ષા

ઝગડો અર્થાત આગળ પાછળ ની વાતો,
મૃગજળ પાછળ ના મૃગજળ ની વાતો !
અટકળ ને હતો ક્યારે આધાર કશાનો ?
ફાડ્યા વિના ના કોઈ કાગળ ની વાતો !
તારા મારા ના કિસ્સા ઓ જોતા લાગ્યુ,
સૂર્ય ને પણ ઢાંકે છે વાદળ ની વાતો !
જે થવાનું હતુ તે તો થઈ ગયુ ,
વિચારો તમે હવે આગળ ની વાતો !
વહેતા જીવન નુ મિત્ર કરો આગમન ,
મૃત્યું વેળાએ સમ્ભારસે પળે પળ ની વાતો!
પાબારી નિતલ

લીલું નહીં તો, સૂકું તરણું છું હું,
નિત્ય નવી એકલતાંને પરણું છું હું.

ભોરે મળી, મધ્યાહ્નને ઓલવાવ છું હું,
અમસ્તા જ , રજની પર થોપાવ છું હું.

કરમાવ છું તો' ય ખીલતું ફુલડું છું હું,
તોળાતું કોઈ પરનું, એક પલડું છું હું.

જગને ઝબકારતી કોઈ રશ્મિ છું હું,
અનાયાસે ઉગતી તો'ય વસમી છું હું.

-"પ્રકૃતિ" આકાંક્ષા

સંબંધોના છેડે ઊભીને પડ્યો સાદ,
જાવ છું વ્હાલા છે કોઈ ફરિયાદ?

આક્રંદના ઓઢણાં એવાં'તા ઓઢયા,
ઉઘાડું ત્યાં તો એ વ્હાલપમાં પોઢયાં.

સરનામાં નો'તા ને સ્વપ્ન મહીં
ડોકાયા,
સામીપ્ય તું જ તો'ય સંવેદનામાં
ફસડાયા.

જખ્મો જમાવીને યાદોમાં થીજવ્યા,
સુશ્રુષાના બહાને, સંતાપને જ
પામ્યાં.

વિયોગ-સંયોગમાં જરા તો ઘુમરાયા,
ડૂબ્યાને તર્યા પણ શ્વાસે શ્વાસે
ગૂંગળાયા.

-"પ્રકૃતિ" આકાંક્ષા

મીઠી પ્યારી વાત ઉમેરો,
મારી અંદર જાત ઉમેરો.

એકલવાયો કોરો કદ છું,
કોઈ ભીની ઘાત ઉમેરો.

ઠંડો છું પણ અંગારો છું,
ફૂંફાળી એક રાત ઉમેરો.

કિસ્સો ધોળા ધબ્બા જેવો,
આવો, રંગો સાત ઉમેરો.

અંદર થોડાં ઉન્માદો છે,
ઉપરથી ઉત્પાત ઉમેરો.

~ ચિંતન મહેતા 'આલાપ'

વેદના, સંવેદના કે સ્પર્શની મને ખબર નથી,

ઓરડાઓમાં શૂન્યતાઓ સાચવી બેઠો છું,

હૂઁ દીવાલ છું.....

હવા, સુગંધ, વાદળ ને વર્ષા રહ્યા સદા તરસ્યા

ઝાંકળ ને ઝાંઝવાના ચિત્રો દોરી ઊભો છું.

હૂઁ દીવાલ છું....

ડૂસકાઓ થાક્યા ટકોરા દઈ, ટેરવાં લોહીલુહાણ,

નાજુક સૌ વાવાઝોડાઓને રોકી ઊભો છું.

હૂઁ દીવાલ છું...... વ્રજેશ દવે

લાવ પાનેતર મને સપનું વરી શકતું નથી,
માંડવેથી એક જણ પાછું ફરી શકતું નથી.

સ્વપ્નમાં પીંછું, વધીને નોટમાં દોરી શકો,
પ્રેમથી જોતાં રહો, ફરફરી શકતું નથી.

રેત ભીની થાય એથી શું ફરક એને પડે ?
એક પગલું યાદ તારી સંઘરી શકતું નથી.

હાથ ખાલી છે છતાંયે ભીંસ મારી રાખજો,
કૈદ મુઠ્ઠીમાં કશું રાખ્યું, ખરી શકતું નથી.

જીવને ખાલીપણું ફાવી ગયું છે એટલું,
પાંપણોમાં કૈદ આંસુ પણ ઝરી શકતું નથી.

~ ચિંતન મહેતા 'આલાપ'

હાથ આખો બાળવો એની મજા છે,
માંહ્યલો અજવાળવો એની મજા છે.

એક મીઠું દર્દ દિલને મૂંઝવે, પણ-
શ્વાસને શણગારવો એની મજા છે !!

એક કાળી કામળી-રાતી સજાવટ,
કૃષ્ણ ગાંઠે બાંધવો એની મજા છે.

ઉંહકારો હોઠ પર શોભે જરાયે ??
મૌન વૈભવ માણવો એની મજા છે.

રાત આખી ક્યાં અમે માંગી કદીયે,
હા, સમય અટકાવવો એની મજા છે.

~ ચિંતન મહેતા 'આલાપ'

ન ચર્ચા, ન ચોટ, ન વાતો કરી છે,
નીરવ મૌનની એ ક્ષણો આકરી છે,

ન અફવા, ન બણગા, ન ખોટું કહીશું,
જરા સત્ય બોલ્યું, જુબાની પણ ડરી છે,

ન દિવસે, ન માસે, ન વર્ષે મળીતું,
ફક્ત તું મળે એ ક્ષણો કરગરી છે !

ન વર્ષા, ન ઝરમર, ન ફોરા કશુના !
છતાં આભમાં સપ્તરંગી પરી છે,

ન શબ્દો, ન છંદો, ન શે'રો સમજતા,
તમારી કૃપા કાવ્ય થઇ આવતારી છે,

~ વિનોદ માણેક 'ચાતક'

રંગમાં હું ગુલાલ થૈ આવું,
સ્વર, લય સંગ તાલ થૈ આવું,

શબ્દ છું એમ કેદના થાઉં,
નાદ આ બ્રહ્મ ખ્યાલ થૈ આવું,

તેજ એવું મળે, તિમિરના હો,
જ્યોત એવી કમાલ થૈ આવું,

રાહ સાજન તણી સદા જોઈ,
સર્વ વ્યાપી સવાલ થૈ આવું,

ગોપ-ગોપી ફરી ચાહે તો,
વ્રજનો હુંય લાલ થૈ આવું,

~ વિનોદ માણેક 'ચાતક'

અફવામાં શું છે સચ્ચાઈ, ના હું જાણું ના તું જાણે,
દરિયાની શી ગહેરાઈ, ના હું જાણું ના તું જાણે,

આમે પામી શક્યું છે શું તારી માયા હે હરી,
કેવી છે આ આખિલાઈ, ના હું જાણું ના તું જાણે,

ચાદર વણતાં વણતાં નામ તમારું વણી લીધું'તું
કેવી છે આ કબિરાઈ, ના હું જાણું ના તું જાણે,

રાધા ગોતે વ્રજમાં, મીરા જોગન થૈને ફરતી,
તારી લીલા કાન્હાઇ, ના હું જાણું ના તું જાણે,

આમે 'ચાતક' નજરે નિરખી, અનરાધારી વરસ્યો'તો,
તરસી કેવી તન્હાઈ, ના હું જાણું ના તું જાણે,

~ વિનોદ માણેક 'ચાતક'

હું માંગુ અને તું આપે દિલ, એ મને મંજુર નથી.
દયદે દિલ મફતમાં સોદાબાજી મને મંજુર નથી.
કરુ છુ પ્રેમ, એ સાબિત કરવાની જરૂર નથી.
થયો હોય તને પણ પ્રેમ, તો દિલને દિલથી સ્વીકારી લે.
ખાલી ખોટો પ્રેમનો "મહિમા" ગાવાની જરૂર નથી.
ચાલતો રહું છું, આ જીંદગીની સફરમાં મુસાફર બનીને,
બાકી તારી પાંછળ-પાંછળ ફરવાની જરૂર નથી.
આવવું હોય તો હાલ મળવા કે મુલાકાત કરવાં,
બાકી વાટ જોતા રહેવાની જરૂર નથી.
"અખિલ" મનની વાત મનમાં રાખીને,
દુર રહીને વેંદના વેઠવાની જરૂર નથી.
હોય જો દિલમાં એક જ વાત તો વાત કરવાની જરૂર નથી.
સુખ-દુઃખના સરવાળા કરવા ચાલ આવવું હોય સફરમાં સાથે,
બાકી મુરદા જેવા માણસને મનાવવાની જરૂર નથી.

- સંગી અખિલ "અખો"

ભૂકંપ

ભસાવથી ભાગતો, ભટકતો, ભુંજમાં ભુંકા બોલાવતો,
કચ્છમાં માંડુજનની હાલત બગાડતો,
ચોટીલા, સાયલા, લીંબડીના રસ્તે ચડતો
રાજકોટના રેસકોસમાં ફરતો, મોટી મોટી ઇમારત ધરાશય કરતો,
અમદાવાદમાં આટાં મારતો, ખોટે ખોટો ભટકતોને,
કાંકરીયાને ઉલેસ્તો, દર્ગાહ, મસ્સિદને ડોલાવતો,
સુરતના શેઠીયાની હાલત બગાડતોને જઈ,
ડાકોરના મંદિરે – મંદિરે નમતો, ધજાને ધ્રુજાવતો,
ભાવનગરમાં જઈને ભંભક બોલાવતો,
મહુવા, તળાજા, પાલીતાણાના ડુંગર ડોલાવતો,
ગીરના સાવજની સાથે ડણકુ બોલાવતો,
પહાડ પર ચડતો, પથ્થરને પાડતો, તોય જરા ના ડરતો,
ગામડે-ગામડું ધમરોલ્તો, પશું-પંખીને મારતો,
ખેડુંતના ખેતરે - ખેતરે આંટો મારતો,
અવની પર હાહાકાર બોલાવતો, સાગરને ચલકાવતો, ધરણી ધ્રુજાવતો,
આગળને આગળ વધતો, "ભુંકપ" ઠાકતો ત્યારે ધીરેથી હેઠો બેસ્તો.

- સંગીઅખિલ "અખો"

तुम साथ हो तो हर मंजर खास हे,
खड़ा यहाँ और खुदा आस पास हे,

~ सुलतान सिंह 'जीवन'

कोई तो जीवन में कमी सी हे,
बीन तेरे आँखों में नमी सी हे,

~ सुलतान सिंह 'जीवन'

સમજાતી નથી એક વાત વર્ષોથી,
કેમ થાય છે દેહના જુલ્મ સ્પર્શોથી,

~ સુલતાન સિંહ 'જીવન'

લક્ષ્મણની વેદના

લક્ષ્મણ કહે છે મારે વિરહની વાતૂં કોને કહેવી ?
મારો રુદિયો રુવે છે રોજ રાતે રે ... ...
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...
ભાઇ – ભોજાય મારા માત-પીતા સમાનને .... (2)
દુઃખની વાતુના કરાય રે....
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...
નૈને નિંદ્ર ના આવેને .... (2)
એ તો ઉર્મિલાને વિચારે રે...
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...
સંગા-વાહલા દુર છેને... (2)
સખા-સંબંધી કોઇ નહિ મારી પાસે રે...
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...
જંગલ-જંગલ ભટકતો ફરુ છુને... (2)
વિરહની વેદના વેઠતો રહું છું રે...
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...
સરિતાના જળને ના સમજાવાયને... (2)
પશુ-પંક્ષીના સાંભળે વાત મારી રે...
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...
વનની તે વનરાયને રડાવે છે...(2)
લક્ષ્મણ વાતુ કરીને વેદનાની રે...
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...
"અખિલ" વિશ્વના નાથની સાથે .... (2)
વાતુ કરુ શું વારી રે... વારી રે...
લક્ષ્મણ કહે છે... મારો રુદિયો...

- સંગીઅખિલ "અખો"

ચિત્ર-સર્જન

સુત્રધાર – ગૌતમ પરમાર 'સર્જક'

હું જતો રોજ બાગમાં
ચાલવા
માણવા સવારને,
ફુલો ના શણગારને
એ બાગ ના એક ખુણે હતો બાંકડો,
બધા ખીલેલા એ લાગતો બાપડો.
પણ હતો એ મિત્ર આપણો
રોજ હું જઇ એની સાથે બેસુ
અરે સાથે નઈ માથે બેસુ
મેં એક દિવસ સવાલ પુછ્યો
એનો અસ્તિત્વ ખરતુ લુછયું
કીધું ભાઈ હસ્તો કેમ નથી?
આ બાજ ની તુ જેમ નથી?
એને ના કહ્યું
મને આશ્ચર્ય થયું
તો આપ ક્યાં ના નિવાસી છો
એ બોલ્યો જંગલનો વાસી છું
હું હતો નૈ કૈ જન્મથી બાંકડો
આમ એકલો ને ન હતો બાપડો
હું પણ અડગ હતો.
આમ કડક હતો.
જંગલનાં મિત્રો મુકી આવ્યો કેમ?
પુછ એમને કે મને કાપ્યો કેમ?
મારુ અસ્તિત્વ મિટાવી દીધું
એમને પાછું કૈક નવું બનાવી દીધુ
મારો વિરહ તમને પણ ડુબાડશે
તમારો કાર્બન કોણ સમાવશે
હું રડી ગયો
ત્યાં જ હેઠે પડી ગયો....
હું ઉગાડીશ એક ઝાડ
બાકડાને વચન આપી નિકળી
ગયો ત્યાથી...એને એકલો મુકી

વિરલ દેસાઈ"પાગલ"

આભ હેઠું ઊતર્યું છે બાંકડે,
મોરનું પીંછું ખર્યું છે બાંકડે,
સ્તબ્ધ થઇ બેસી રહ્યાનું છે સ્મરણ,
ચિત્રકારે ચિતર્યું છે બાંકડે..
લઇ સુવર્ણી સોણલાં ઊડૂ ગગન,
સ્વપ્ન પંખી ફરફર્યું છે બાંકડે.
ટેરવેથી સ્પર્શ એવો પીગળે,
પુષ્પ રક્તિમ નિખર્યું છે બાંકડે.
આંખમાં આવી ગયા હર્ષાશ્રુઓ
એક સરવર નિતર્યું છે બાંકડે.
પૂર્ણિમા ભટ્ટ "તૃષા"

આ વિરાન બાકડા ને..
થોડો'ક દિલાસો આપીએ..
સુકાયેલા પર્ણો ને
ખંખેરી ને,
એના પર લગોલગ બેસીને,
ચાલ,એને પણ થોડા'ક..
લીલાછમ સ્મરણો આપીએ.!!
સ હ જ

ચાલ તારી મારી ધીરી પડી હશે.
બેમાંથી એકની પાસે લાકડી હશે.
મળવાનો ઉમંગ પહેલાં જેવો જ હશે.
તું લાવજે સીંગ ને લાવીશ ચણા હું.
બોખા મોંઢે ખાવાની મજા કંઈ ઓર હશે.
એ સુના બાકડે ફરી બેસવાની મજા ઓર હશે.
.... પ્રદિપ ચાવડા

એકલો બાંકડો એક રોયા કરે ,
યાદમાં કોઇની આમ ઝૂર્યા કરે .
શાંત દેખાય તે કોઇને આમ તો ,
ડૂસકાં છાનાં એ તો ભર્યા કરે .
હોય છે આ પાન ખિલેલાં વસંતે ,
પાનખરમાં કેટલાં એ તો ખર્યા કરે .
ક્રમ છે એ કુદરતી કેવો અજબ ,
જે જન્મ્યું તે તો મર્યા જ કરે .
રાતની પાછળ જ દિન , એમ 'જશ',
સુષ્ટિચક્ર બધું નિયમિત ચાલ્યા કરે .
જશુ પટેલ



'ફૂલ' શબ્દપર શબ્દ સર્જન

સુત્રધાર – ઉર્વીશ સવાણી

ફૂલ નો જો અલગ જ મિજાજ છે,
શૂળ સાથે સ્નેહી નો રિવાજ છે!!

બાગ કેરી સુમન કને કિતાબ છે,
શીશુના ભોળપણ તણો અંદાજ છે.

ભાનુ છો ને કુસુમ ની ખિલાફ છે,
છે ઘટા, ગજવે હિરવો તાજ છે

ફૂલ નો ઉપવને જો લિબાસ છે,
પતંગિયા ના રંગો નો એ રાઝ છે.

ફૂલ ને અનંગ નો ઈતિહાસ છે,
એ ઠગે, ફૂલ રાખે જો લાજ છે!!

-જિજ્ઞાસા છાયા ઓઝા.

"ભ્રમરને ફૂલોથી પ્રેમ થઇ ગયો,
કંટકને આ વાતે વ્હેમ થઇ ગયો

ભરી લીધા પહેરા ફરતે ફૂલોની
પ્રણય પર કાળો કેર થઇ ગયો,

ફેલાવી ફોરમ ફૂલોએ નિજની ,
ભ્રમર, સુમન-પ્રીતથી વાકેફ થઇ ગયો,

પુષ્પતણા પમરાટે ગુંજે મધુકર,
પ્રણયનો પ્યારો કેવો કેફ થઇ ગયો...!

-મનન (મનુ.વી.ઠાકોર)

જીવન તારો તાગ મળે
સુખમાં થોડો ભાગ મળે

ફેલોના મુરઝાઇ કદી પણ
એક તો એવો બાગ મળે

બાળી મુંકુ દ્રૈષ બધાં
બહાનુ સરખી જો આગ મળે

દિલ સ્વસ્છ એમ કરો
ના કોઇ પણ દાગ મળે

તોડી બંધન મુક્ત બનું
જીવનમાં જો લાગ મળે

ગીતો ગાયે 'પ્રિત' નવા
મનગમતો જો 'રાગ' મળે.

~ પ્રીતિ પટેલ

કચ્છ અમારા હ્રદયની કદર કોણ કરશે?
ફુલો ગ્યા ચમનની કદર કોણ કરશે?

તરસ એક સાચા હ્રદયથી બધાને,
જરા આ નજરની કદર કોણ કરશે?

જમાનો નથી આજ સારો ખબર છે,
અમારી ગઝલની કદર કોણ કરશે?

બધા મીટ માંડીને બેઠા ગલીમાં,
પછી આ સફરની કદર કોણ કરશે?

તમાશો નથી પ્રેમનું આ મરણ છે,
અલૌકિક પ્રણયની કદર કોણ કરશે?

~ ભરત દરજી "આભાસ"

આવે જો પાનખર આ, હું ક્યાં ડરી જવાનો.
જીવન છે ફૂલ માફક, હું પણ ખરી જવાનો.

ફૂલો મહેકશે જો તનની ઉપર ચઢીને,
ત્યારે શયન હું તનનું એને ધરી જવાનો.

ડૂબું ભલે હું નાના ખાબોચિયામાં ઉતરી,
રોકી આ શ્વાશ મારો, સાગર તરી જવાનો.

યાદોથી ખોતરીને, સહેતો રહું દરદ આ,
આપી મલમ સમય શું, જખ્મો ભરી જવાનો.

આ કાવ્ય આ ગઝલ બસ, મિલકત છે એજ મારી,
સર્જક બધું લખીને, નામે કરી જવા

~ ગૌતમ પરમાર "સર્જક", વડોદરા

સહિયારું સર્જન

પંક્તિ – 'અંતકાળે લોક ભેગા થઇ ગયા,' ~ મરીજ સાહેબ

સુત્રધાર – ગૌતમ પરમાર 'સર્જક'

આ અમસ્તા કેમ ભેગા થઇ ગયા.
લાગે છે આ શ્વાશ છેટા થઇ ગયા.

જિંદગી આખી રહ્યો જેને ગુરુર,
ફક્ત માટીના એ ઢેફાં થઇ ગયા.

સ્વાર્થ એ ઉદાર દિલનો શું હતો?
જાણ્યું જયારે હાથ હેઠા થઇ ગયા.

માણસાઈ જોઈ મરતી જ્યારથી,
આ કબરના મડદાં બેઠા થઇ ગયા.

મોહ લાગ્યો ત્યારથી અમરત્વનો,
હોઠ જ્યાં અમૃતથી એઠા થઇ ગયા.

-ગૌતમ પરમાર "સર્જક", વડોદરા.

અંતકાળે લોક ભેગા થઇ ગયા,
યાદ મારી થોક બાંધી દઇ ગયા.
ના નડી બે આંખ કેરી જો શરમ,
પંડ ના એ કોક જાણે થઇ ગયા
જીવતાં બે મોત માર્યો સ્નેહ માં,
ને જતાં, એ શોકમાં ગરકી ગયા.
ખોળિયે રમતાં હતાં ખગ જીવના,
વાત વાતે ચોક માં ચરચી ગયા.
પ્રાણ નો પમરાટ જ્યારે ખીલતો,
એ ઉદાસી, રોક મૂકી વહી ગયા.
જીંદગી ની અબળખા ને આંચકી,
મોત ટાણે પોંક મૂકી રહી ગયા .

-જિજ્ઞાસા છાયા ઓઝા

પદ્ય રચનાઓ આપ અમને મોકલી શકો છો....

સંપર્ક સુત્રો-

સુલતાન સિંહ – raosultansingh@gmail.com [+91-9904185007]
ઉર્વીશ સવાણી – savaniurvish@gmail.com [+91-7600678676]
વૈદેહી ત્રિવેદી - trivedivaidehi87@gmail.com

કાવ્યગોષ્ઠી ઈ-સામયિક ટીમ
Email – kavygoshthi@gmail.com
Web – kavygoshthiblog.wordpress.com

ફાસ્ટટ્રેક ઈન્ટરવ્યું



રેખા વિનોદ પટેલ 'વિનોદિની'

જન્મ તારીખ : ૧૩-૧૦

જન્મ સ્થળ : વાલવોડ (જીલ્લો આણંદ)

ઉછેર : ભાદરણ (જીલ્લો આણંદ)

શિક્ષણ : બીએસસી , કેમેસ્ટ્રી

લેખન સિવાય : વાંચનનો શોખ નાનપણથી હતો જે ધીરેધીરે લેખનમાં ફેરવાઈ રહ્યો છે. આ સિવાય સંગીત અને ફરવાનો ખુબજ શોખ છે. ખાસ કરીને કુદરતના ખોળામાં આળોટવું અને કેમેરામાં બધું કેપ્ચર કરવું મારું પેશન છે.

રેખા વિનોદ પટેલ છેલ્લા 24 વર્ષથી અમેરિકાના ડેલાવર સ્ટેટમાં રહે છે. એ પોતે સફળ ગૃહીણી અને બે દીકરીઓની માતા હોવા છતાં સાહિત્યમાં એક્ટીવ છે. લગભગ છ વર્ષ પહેલા ફેસબુકના માધ્યમ દ્વારા એમના લેખન કાર્યની શરૂઆત થઇ હતી. શરૂઆત માત્ર કવિતાઓ દ્વારા કરી હતી પણ આજે ગઝલ ,કવિતા ,વાર્તા, નવલકથા અને આર્ટીકલ્સ પણ લખે છે. એમના પતિ વિનોદ પટેલ સફળ બીઝનેસમેન છે જેમને સાહિત્ય સાથે ખાસ પનારો નથી છતાં એમના શોખમાં સતત સાથ આપતા રહ્યા છે. તેમના સાથ અને પ્રોત્સાહન ને કારણે ટુંકા સમય ગાળામાં પોતે અહી સુધી પહોચી શક્યા હોવાથી એમણે પોતાનું ઉપનામ " વિનોદિની " રાખેલ છે. ઘણી વાર્તા, કવિતા અને લેખોને અભીયમ, ફીલિંગ્સ, જલારામદીપ જેવા મેગેજીનમાં સ્થાન પામી છે. અત્યારે દિવ્યભાસ્કરના ઓનલાઈન વિભાગ સાથે NRG ન્યુઝ રિપોર્ટર તરીકે જોડાયેલ છે અને અમેરિકાના કોમ્યુનીટી ન્યુઝ તેમના સુધી પહોચાડી શકે છે.

આ ઉપરાંત અમેરીકા અને કેનેડાના અમુક પખવાડીક અને માસિક મેગેઝિનમા પણ મારી કવિતાઓ અને આર્ટીકલ્સ અવારનવાર પ્રગટ થતા રહે છે. વર્ષો સુધી દેશથી દુર હોવા છતા ભારતીયતા વાણી અને વર્તનમાં રાખવી એમને પસંદ છે. એમની મોટાભાગની વાર્તા આપણી સંસ્કૃતિને આજુબાજુ વણાએલી હોય છે. આ ઉપરાંત અહી અમેરિકાના ડેલાવર સ્ટેટમાં ફ્રી વાંચન માટે એક લાઈબ્રેરી ચલાવે છે જે સાહિત્યને છાજે તેવું કાર્ય છે. આમ ગુજરાતી ભાષાને પ્રમોટ કરવાનું આ નાનકડું કાર્ય કરવું મને પ્રિય છે.

એમની સાથે થયેલી વાતચીત આ પ્રમાણે હતી....

૧. ગઝલ એટલે શું? આ ફક્ત આપના મંતવ્ય પુરતો સવાલ છે. કારણકે એની વ્યખ્યાઓ ઘણા દિગ્ગઝ લોકો કરી ચુક્યા છે.

જવાબ :- મારા માટે ગઝલ એટલે પહેલી નજરે મનના ભાવ અને લાગણીઓને મીટરના નક્કી કરેલા બંધનને ધ્યાનમાં રાખી નદીની જેમ ધીર ગંભીર પણે પ્રસ્તુત કરવી.... છતાં સાચું કહું તો મને મનમાં ઉઠતા ભાવોને ઝરણાની જેમ અવિરત પણે બંધનમુક્ત વહેતા કરવા માટે અછાંદસ અને કવિતાઓ વધુ પ્રિય છે.

૨. આજના સમય પર સોશ્યલ મીડિયા પર વિકસતો ગઝલનો વ્યાપ ગઝલ માટે ઉપયોગી કે હાનીકારક? આપ કઈ કહેશો...

જવાબ :- આ બાબતે બધા કરતા કદાચ મારું મંતવ્ય અલગ હોઈ શકે. કારણ મારી પ્રગતિ સોશ્યલ મીડિયાને કારણે ઝડપી બની છે. અહી ક્રિયેટીવીટી માટે અનેક રાહ ખુલ્લા જોવા મળશે. ક્યારેક મનની છુપી ભાવનાઓ વ્યક્ત કરવા કે ક્યારે સમય પસાર કરવા કે પછી દેખાદેખી અહી લખવાની શરૂઆત થતી હોય છે. આ બધામાં સાચી ગઝલ બહુ ઓછા લખી જાણે છે. જ્યાં સુધી માપ મીટર નાં જળવાય ત્યાં સુધી તેને ગઝલ કહેવી નહિ. આમ કરવાથી ભવિષ્યમાં ગઝલ ના મૂળ સ્વરૂપને ખોરવાઈ જવાનો ડર લાગે છે. . પરતું એનો અર્થ એ પણ નથી કે મનના ભાવોને રોકી રાખવા. તેને રચના કે કવિતાના લેબલ હેઠળ પ્રસ્તુત કરી શકાય છે.

૩. આપ ક્યારથી લખો છો? એટલે કે કેટલુક પ્રદાન આપે અત્યાર સુધી સાહિત્ય ક્ષેત્રમાં આપ્યું છે...? અત્યારે માત્ર સાહિત્યને ધ્યાનમાં લઇને જ જવાબ આપજો.

જવાબ :- હું ૨૫ વર્ષથી અમેરિકામાં રહું છું. બે દીકરીઓ "નીલિમા" અને "શિખા" નાં સંપૂર્ણ ઉછેર પછી ખાલી પડેલા સમયને પુરાવા મેં લેખનમાં ઝંપલાવ્યું. લેખનનો મારો ખરો અધ્યાય છેલ્લા ૬ વર્ષથી શરુ થયો છે. શરૂઆત ફેસબુકના માધ્યમ દ્વારા કરી હતી. કવિઆઓ થી શરુ કરેલી સફરમાં આજે ગીત ગઝલ અછાંદસ, અલગ અલગ વિષયો ઉપર આર્ટીકલ્સ, કટાર લેખન, વાર્તાઓ અને નોવેલ લખું છું. બધુજ જાતે શીખી છું તેનો ગર્વ છે. મારી ત્રીજી લખેલી વાર્તા "ખરો ગૃહ પ્રવેશ" ને ચિત્રલેખામાં સ્થાન મળ્યું પછી મને મારામાં વિશ્વાસ બેસતો ગયો. આશરે બે વર્ષ ગુજરાતી "ફીલિંગ્સ મેગેઝીનમાં" અમેરિકાની આજકાલ કોલમ લખતી હતી. ત્યાર બાદ ગુજરાતના અગ્રણી મેગેઝીન માનું એક "અભિયાન" માં અમેરિકાના ખતખબર વીકલી કોલમ લખતી રહી. આ સાથે હવે દિવ્યભાસ્કર ઓન લાઈનમાં રિપોર્ટર ન્યુઝમાં અમેરિકાના ન્યુઝ લખું છું.

મારી ગમતી પ્રવૃત્તિ એટલે વાર્તા લેખન... જેમાં આગળ વધી ગુર્જર પબ્લીકેશન સાથે "ટહુકાનો આકાર" અને ગ્રીડસનાં નેજા હેઠળ પાર્શ્વ પબ્લીકેશન માંથી "લીટલ ડ્રીમ્સ" આમ બે ટુંકી વાર્તાઓના પુસ્તકો બહાર પાડ્યા. ત્યાર બાદ તેમનીજ સાથે "લાગણીઓ ચક્રવાત" નવલકથા બહાર પાડી છે.

આ સિવાય અમેરિકા, કેનેડા માં અમુક મેગેઝીનમાં મારા લેખ કવિતાઓ અને ગઝલો પ્રગટ થતી રહે છે. આ સાથે હ્યુસ્ટનના સહિયારા સર્જન ગ્રુપ સાથે જોડાઈ ચાર પુસ્તકો ઓન લાઈન મુક્યા છે.

૪. ગઝલ પર થઈ રહેલા વિવાદ કે "હવે કોઈ ગજાના ગઝલકાર રહ્યા નથી ગઝલ જાણે કે વિધવા બની રહી છે...". આપ આ વાત સાથે કેટલા સહમત છો અને નથી તો કેમ?

જવાબ :- નાં હું જરાય સંમત નથી. આપણે કોણ ગુજરાતની શિરમોર સમાન સંસ્કૃતિને વિધવા કે સધવા કહેનાર. કલા ક્યારેય મરતી નથી. હા સમય પ્રમાણે તેનું સ્વરૂપ બદલાઈ જાય છે. એનો અર્થ એ નથી કે આપણે તેનું અસ્તિત્વ હલાવી નાખીએ. પહેલાનાં સમયના કવિઓ ગઝલકારો અલગ હતા તેમની રચનાઓ તે સમયને આધારિત હતી. હા કદાચ ચોક્કસાઈ વધુ હશે. પરતું લાગણીઓ ત્યારે પણ હતી આજે પણ છે. આજકાલ વધુ પડતી લખાતી ગઝલોના ઢગલાંમાંથી કેટલીક અલગ તારવીએ તો સરખામણીમાં પહેલાના જેટલી સુંદર રચનાઓ મળી જશે. નવા ઉભરતા ગઝલકારો અનીલ ચાવડા, સંજુવાલા, પારુલ ખખ્ખર, લક્ષ્મીબેન ડોબરીઆ, આસિફ ખાન, મિલિન્દ ગઢવી, ગૌરાંગ ઠાકર જેવા કેટલાય સારા ગઝલકારો આવાજ ઢગલાંમાંથી નોખા પાડી શકાય. બસ તેમને માન થી જોવાની અને સ્થાન આપવાની જરૂર છે. જો આમ નહિ થાય તો આવનારા ઈતિહાસ માંથી તેમની ખોરવાઈ જવાની બીક રહેશે. પછી એજ ગાણાં શરુ થશે. ગઝલ ખોવાઈ રહી છે.

૫ .‘છંદ વગરની કવિતા એ સાહિત્યમાં નથી ગણાતી’ આ પ્રકારના વિવાદોમાં આપ શું કહેશો...?

જવાબ :- આ વિષે મારો આક્રોશ કાયમનો છે. જેમણે દોડતાં શીખી લીધું છે તેઓએ પણ ક્યારેક તો પાપા પગલી માંડી જ હશે. તો શું કામ આજે ચાલતા શીખનારના પગમાં રોડાં લગાવે છે. હું ગઝલના બધા બંધનો સ્વીકારું છું. પણ કવિતા મનના ભાવોને લઇ લયમાં રૂમઝુમતી ચાલે તેમાજ માનું છું.

૬. આપની સાહિત્ય ક્ષેત્રમાં અત્યાર સુધીની સફર વિષે થોડુક જણાવશો.

જવાબ :- મારી સાહિત્યની સફર એટલે મારામાંથી નવી પ્રગટેલી હું. મારું આગવું અસ્તિત્વ, જે બહુ મઝેદાર રહ્યું છે. આ સફરમાં શરૂઆતથી લઇ આજ સુધી ફેસબુકના ગણ્યાગાંઠ્યા મિત્રોના સાથ સાથે મારા પતિ વિનોદનો આજ સુધી એકધાર્યો સાથ મળ્યો છે. જેમના કારણે હું અહી સુધી આવી શકી છું તેમને મેં મારા ઉપનામથી મારી સફરમાં સમાવી લીધા છે. વિનોદના નામે જ મારું ઉપનામ " વિનોદિની"

૭. આમ ગઝલ માટે શબ્દો વધુ મહત્વના છે પણ આપના મતે ગઝલ માટે સૌથી ઉપયોગી તત્વ શું છે?

જવાબ :- સાચી લાગણીઓ, ભાવ અને ખાસ તો ગઝલને સંપૂર્ણ જીવંત કરવાનું ગાંડપણ સાથે તેનું મીટર માપ.

૮. હાલમાં GLFમાં એક વાક્ય એવું હતું કે સાહિત્યકારો સાહિત્યમાંથી પોતાની આજીવિકા માંડ રળી શકતા હોય છે. એ સંપૂર્ણ સાહિત્યના આધારે નથી ગુજરાન કરી શકતા’ આમાં તમે શું માનો છો.

જવાબ :- સાવ સાચી વાત છે. આજની મોંઘવારીમાં લેખનને સાહિત્યને જોઈતું વળતર મળતું નથી. એ આધારે આ વાતને નકારી શકાય નહિ. વધુ પડતા સાહિત્ય સર્જનને કારણે મોટાભાગના મેગેઝીન અને ન્યુઝપેપર્સ વાળાને ફ્રી લેખકો પણ આસાનીથી મળી જાય છે. આથી ખરેખર આજીવિકા માટે લખનાર માટે પગાર કપાયાનો અનુભવ થાય છે.

૯. કોઈ ચોક્કસ પ્રસંગ જેને આપના જીવનમાં કવિત્વને જીવંત કર્યું...?
જવાબ :- અમેરીકામાં હાઉસ વાઈફ માટે બાળકો મોટા થઇ જતા ખાસ કામ કે જવાબદારી નથી હોતી. આવા સમયે શોખને જીવંત કરવો જરૂરી બને છે.

૧૦. કાવ્યગોષ્ઠી સામયિક અંગે આપ શું કહેશો...?
જવાબ :- ઉગતા કવિઓને આશરો આપનાર એક છત કહી શકું છું. આશા રાખું કે ઉત્તરો ઉત્તર પ્રગતિ મળતી રહે.

૧૧. આપને કાવ્યગોષ્ઠી સામાયિક સાથે રહીને કેવો અનુભવ થયો?
જવાબ :- ખુબજ સરસ રહ્યો છે. આજની જનરેશન સાથે કામ કરવું મને પહેલેથી વધુ પસંદ છે. નિરાભિમાની અને સ્પષ્ટ વક્તા હોય છે.

૧૨. કાવ્યગોષ્ઠીના વાંચકોને આપ શું કહેશો.? આપનો સંદેશ.
જવાબ :- સદાય પ્રગતીના સોપાન સર કરતા રહો. કાદવ જોવાને બદલે તેમાં ખીલેલા કમળ પર ધ્યાન કેન્દ્રિત કરવું એજ ડહાપણ છે...

[અપ્રત્યક્ષ સંવાદના અંશો – રેખા બેન પટેલ 'વિનોદિની' અને સુલતાન સિંહ 'જીવન']

સંપર્કસુત્રો

રેખાબેન પટેલ - **http://vinodini13.wordpress.com/**
સુલતાન સિંહ - **http://vichaarvrund.wordpress.com/**



